## ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર

## બિલ્ડીંગ વર્કસ કમિટી બેઠકની કાર્યવાહી નોંધ

આઇ.આઇ.ટી.ઇ. ખાતે તા.૨૦/૧૨/૨૦૨૧ના રોજ બપોરે ૧૦.૩૦ કલાકે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં બિલ્ડીંગ વર્કસ કમિટીની બેઠક મળેલ હતી, જેમાં નીચેના સભ્યો હાજર/ગેરહાજર રહેલ હતા.

| સભ્યનું નામ | હોદ્દો | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ડૉ.હર્ષદ પટેલ, કુલપતિશ્રી | અધ્યક્ષશ્રી | હાજર |
| શ્રી બી.કે.પંડયા , સિટી ઇજનેર, GMC | સભ્યશ્રી | હાજર |
| શ્રી કેતન રાવત, કાર્યપાલક ઇજનેરશ્રી, પા.યો.વી. -૧, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| શ્રી વત્સલ પટેલ, પૂર્વ મુખ્ય ટાઉન પ્લાનર, AMC | સભ્યશ્રી | હાજર |
| શ્રી આલોક પટેલ, સિવિલ ઇજનેર | સભ્યશ્રી | હાજર(ઓનલાઇન) |
| શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, યુ.ડી.ઓ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી જતિન ચાવડા, મદદ.કુલસચિવ | સભ્યશ્રી | હાજર |
| ડૉ. હિમાંશુ પટેલ, કુલસચિવશ્રી | સભ્ય-સચિવશ્રી | હાજર |

સભ્ય સચિવશ્રી દ્વારા સભ્યોને આવકારવામાં આવ્યા, ત્યારબાદ મદદનીશ કુલસચિવ- એસ્ટેટ દ્વારા મિટિંગની કાર્યવાહી અધ્યક્ષશ્રીની મંજુરીથી શરૂ કરવામાં આવી, મીટીંગમાં એજન્ડા અન્વયે નીચે મુજબની ચર્ચા/નિર્ણયો અંગે ભલામણ થયેલ હતી.

**એજન્ડા -૧** ગત તા.૦૫/૦૮/૨૦૨૧ની BWC કાર્યવાહી વંચાણે લેવા બાબત.

**ઠરાવ :- ૧**, ગત તા. ૦૫/૦૮/૨૦૨૧ની કાર્યવાહી વંચાણે લેવામાં આવી અને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવાયું.

**એજન્ડા-૨**, આઇ. આઇ. ટી. ઇ. ખાતે પાણીની કાયમી વ્યવસ્થા ઉભી કરવા માટે બોર, મોટર, રૂમ અને પાઇપ લાઇન વગેરે સિસ્ટમ તૈયાર કરવા માટે તા.૦૫/૦૮/૨૦૨૧ની મળેલી નાણા સમિતિના ઠરાવ-૩ મુજબ વિકલ્પ- ૧.જેમાં પંપ, રૂમ, બોર- ૭૦૦ ફુટ અને પાણીના વિતરણની વ્યવસ્થાઓના રૂ. ૨૨,૧૯,૪૨૧/-નાં કામની મંજુરી આપવામાં આવેલ, જે મુજબનું ઇ-ટેન્ડર (બીજો પ્રયત્ન) કરતા બે એજન્સીએ ટેન્ડર ભરેલ જેમાંથી, એક જ એજન્સી માન્ય થતા તેના ભાવો ખોલતા એસ્ટીમેટની રકમ રૂ. ૨૨,૧૯,૪૨૧/-ની સામે ૨૯,૯૬,૪૨૧/- એટલે કે ૩૫% વધુ ભાવો મળેલા છે, તો આ કામગીરી કરાવવી કે કેમ તે બાબત.

**ઠરાવ:-૨** કમિટી સભ્યો દ્વારા ઉપરોક્ત બાબતે ચર્ચા કરવામાં આવી, જેમાં મળેલા ભાવોને GSSWBનાં SoR સાથે તુલના કરી નિર્ણય કરવા માટે ઠરાવાયું, ત્યારબાદ જો ભાવો SoR સાથે ૧૦% વેરેયેશન હોય તો તેની સાથે વાટાઘાટો કરી કામગીરી કરાવી શકાય.

ત્યારબાદ સૌનાં આભાર સાથે મિટિંગ પૂર્ણ કરવામાં આવી.

તા. ૨૦/૧૨/૨૦૨૧

કુલસચિવશ્રી, સભ્યસચિવ-BWC,